ક્ર

**પિયત મંડળી હસ્તકની નહેરોના મરામત અને નિભાવણી ના કાર્યો હાથ ધરવા બાબતે માર્ગ દર્શક સૂચનાઓ બાબત.**

ગુજરાત સરકાર

નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

પરિપત્ર ક્રમાંક :- પીઆઇએમ-૧૦૨૦૧૨-૪૫૧(૧) એમ.આઇ.સેલ /ક-૧

તા.૦૪/૦૨/૨૦૧૪

વંચાણે લીધા:- (૧) નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક પીઆઇએમ-૧૦૯૫-૨-(૨) તા.૨૨-૧૧-૧૯૯૫

(૨) નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક પીઆઇએમ-૧૦૯૫ / આઇબી /(૧૩)/સી-૧ તા.૦૯-૦૫-૧૯૯૭

(૩) નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક પીઆઇએમ/૨૦૦૧/૧૭૪૩/૧/ક-૧ તા.૧/૫/૨૦૦૨

(૪) નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક પરચ-૧૦૨૦૦૨-૨૩- ગુ.નિ/ક-૧ તા.૨૭/૫/૨૦૦૩

## પ્રસ્તાવના:-

રાજ્યની હયાત સિંચાઇ યોજનાઓમાં મરામત અને નિભાવણીના કામો હાથ પર લેવા અંગે ઉપરોક્ત અનુસંધાનિત પરિપત્રોથી સૂચનાઓ બહાર પાડવામાં આવેલી છે. સહભાગી સિંચાઇ વ્યવસ્થા ક્ષેત્રની હયાત નિતિમાં સુધારો કરવા ક્ષેત્રિય કક્ષાએથી વિવિધ સૂચનો મેળવવા માટે મુખ્ય ઇજનેરશ્રી (ગુ.નિ) અને અધિક સચિવશ્રીની અધ્યક્ષતામાં તા.૧૬/૧૦/૨૦૧૨ના રોજ યોજાયેલ મીટીંગમાં હાજર રહેલ ક્ષેત્રિય અધિકારીઓ દ્વારા જુદા જુદા મુદ્દાઓ અન્વયે જરૂરી સુધારા કરવા રજુઆત કરવામાં આવેલ , જે અન્વયે નીચે મુજબના સુધારા કરવામાં આવે છે.

(૧) ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ ના પરિપત્ર ક્રમાંક પીઆઇએમ-૧૦૯૫-૨-(૨) તા.૨૨-૧૧-૧૯૯૫ના સમજુતી કરારનામાના ક્રમ નં-૬ માં પિયત મંડળીએ પિયત સગવડોની સામાન્ય મરામતની જવાબદારી અદા કરવા માટે ફૂલ પાણીના દરમાંથી ૩૦ % રકમ ખાતા તરફથી રીબેટ તરીકે પરત કરવામાં આવે તેવી જોગવાઇ છે. આ અંગે સિંચાઇની બીજી સીઝન ની શરૂઆત પહેલાં મંડળી દ્વારા મરામત કામ પૂર્ણ થાય અને તે મતલબનું નિયત નમુનામાં પ્રમાણપત્ર એનેક્ષર-૧ માં સંબંધિત સેકશન ઓફિસર પાસેથી મળે તે પછી પિયત મંડળીએ પિયત સગવડોની સામાન્ય મરામતની જવાબદારી અદા કરેલ હોય તે માટે ફૂલ પાણીના દરમાં થી ૩૦ % રકમ ખાતા તરફથી રિબેટ તરીકે પરત કરવાની રહેશે.

(૨) નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક પરચ-૧૦૨૦૦૨-૨૩- ગુ.નિ/ક-૧ તા.૨૭/૫/૨૦૦૩ ની માર્ગ દર્શક સૂચનાઓના ક્રમ નં-૧૦ (બ) મુજબ મરામતના કામો અંગે જો ખેડૂત જુથો તૈયાર હોય અથવા આ જાતના કામો કરવા માટે જે તે વિસ્તારમાં સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ કાર્ય કરતી બીન સરકારી સંસ્થા આ કામગીરી કરવા માટે તૈયાર હોયતો નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક પીઆઇએમ /૨૦૦૧ /૧૭૪૩/૧/ક-૧ તા.૧/૫/૨૦૦૨ પ્રમાણે કામોમાં અગ્રિમતા આપવાની જોગવાઇ છે. પરંતુ આ માટે મંડળી/સ્વૈચ્છિક સંસ્થા પાસેથી તેમની સહમતી મેળવવા અંગે ૧૫ દિવસનો સમયગાળો નિયત કરવામાં આવે છે.

જો ખેડુત જુથો કે સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ કામ કરતી બીન સરકારી સંસ્થા નહેરોના મરામતના કામો કરવા અંગેની લેખીત સહમતી ૧૫ દિવસમાં ન આપે તો આ કામગીરી તેઓ કરવા તૈયાર નથી તેમ માનીને આ પ્રકારના કામો કરવા માટે નિયમોનુસાર વિભાગ ધ્વારા ટેન્ડર બહાર પાડીને કાર્યવાહી કરવાની રહેશે.

(3) નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક પીઆઇએમ-૧૦૯૫ / આઇબી /(૧૩)/સી-૧ તા.૦૯-૦૫-૧૯૯૭ના સમજુતી કરારનામાના ક્રમ નં-૪ માં મંજુર થયેલ કામ મંડળીને સુપરત કરવા સાથે મંજુર થયેલા અંદાજીત ખર્ચના ત્રીજા ભાગની રકમ એડવાન્સ તરીકે હાલમાં આપવામાં આવે છે. તેને બદલે હવેથી ખેડુત જૂથ કે. સ્વૈચ્છિક સંસ્થાએ 30 ટકા એડવાન્સ રકમ માટે કામની સમય મર્યાદા સુધીની ફીકસ્ડ ડીપોઝીટ રીસીપ્ટ, નેશનલ સેવીંગ સર્ટીફીકેટ કે નર્મદા બોન્ડ સ્વરૂપની જામીનગીરી કા.ઇ.શ્રીના નામની જમા કરાવ્યા બાદ 30 ટકા એડવાન્સ રકમ આપવામાં આવશે. અન્યથા ખેડુત જૂથ /સ્વૈચ્છિક સંસ્થાને ૧૦ ટકા રકમ એડવાન્સ તરીકે જામીનગીરી વગર આપવાની રહેશે.

તેમજ પિયત મંડળીને રૂ.૫.૦૦ લાખ ઉપરના અંદાજીત રકમના કામો એકી સાથે નહીં આપવા સૂચના આપવામાં આવે છે.આમ છતાં જરૂરીયાત વાળા કિસ્સાઓમાં જે તે વર્તુળ કચેરીના અધીક્ષક ઇજનેરશ્રી રૂ.૫.૦૦ લાખ કરતાં વધુ રકમના કામો એક સાથે મંડળીને આપી શકશે.

(૪) નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક પીઆઇએમ-૧૦૯૫-૨-(૨) તા.૨૨-૧૧-૧૯૯૫માં પિયત સગવડોની સામાન્ય મરામતની જવાબદારી અદા કરવાના કામ માટે કૂલ પાણીના દરમાંથી 30 % રકમ ખાતા તરફથી રિબેટ તરીકે અને ૨૦ % વહીવટી ખર્ચ પેટે પરત આપવાની જોગવાઇ છે. પરંતુ પિયત મંડળી , નિયમોનુસાર બોલાવવાની થતી મીટીંગ, રજીસ્ટ્રેશન રીન્યુઅલ તથા અન્ય કામગીરીમાં વિલંબ કરશે તો આ બાબતે મંડળી જ્યાં સુધી આ કામગીરી પૂર્ણ ન કરે ત્યાં સુધી મળવા પાત્ર વહીવટી ખર્ચના ૨૦ % રિબેટની રકમ ચૂકવવાની રહેશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.પી.રાવલ)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.યો)
ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
સચિવાલય,ગાંધીનગર

**નકલ સાદર રવાના પ્રતિ,**

(૧) માનનીય મંત્રીશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી
(૨) માનનીય રાજ્ય કક્ષાનામંત્રીશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી
(3). સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,
(૪) ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ
(૫) સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,
(૬) નાણાકીય સલાહકાર (જ.સં)
(૭) સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક)
(૮) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
(૯) સર્વે પ્રોજેક્ટ શાખા ·( ક-૧, ક-૨ , ક-3, જ,એમઆઇસેલ,ક-૭)
(૧૦).સીલેકટ ફાઇલ

એનેક્ષર -૧

# પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ------------------------------------ યોજનાના પિયત વિસ્તારમાં --------------------પિયત મંડળી હસ્તકની -------------------------- માઇનોર/ સબ માઇનોર ના મરામતની કામગીરી ---------------------- પિયત મંડળી ને તા.-------------- ના રોજ સોપવામાં આવેલ છે. અને આ મરામતની કામગીરી સને ---------------ના ખરીફ / રવી / ઉનાળુ / બારમાસી સિંચાઇ પહેલા તેઓએ સંતોષ કારક રીતે પૂર્ણ કરેલ છે.

તા. ------------------ ના રોજ ઉપરોક્ત કામની મેં સ્થળ મુલાકાત લીધેલ છે. આ કામગીરી પૂર્ણ થવાથી ઉપરોક્ત નહેરમાં ખરીફ / રવી / ઉનાળુ / બારમાસી સિંચાઇ માટે સરળતાથી પાણી વહેવડાવી શકાશે. અને સબંધિત ખેડ્રતોને ખરીફ / રવી / ઉનાળુ / બારમાસી ઋતુની સિંચાઇનો લાભ મળી શકશે.

સેક્શનલ અધિકારી